# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ધનિકો તો કાયદાની કસરતે છૂટી જાય છે!
ને ગરીબોની રોજી-ન્યાય-પ્રક્રિયા ઝૂંટી જાય છે
ફૂટી જાય છે હતાશા, ક્રોધનો જવાળામુખી બની-
ને ન્યાયના અન્યાય સામે ધીરજ ખૂટી જાય છે
(જૂતાં ફેંકાય છે)

## હાઈકુ

સાત સક્ષમ!
વિશ્વ ઓલંપીકમાં -
મુક્કાબાજીમાં..
(રાજકારણ સંસ્કાર)

અંબાણી ને જ
ડાયરેક્ટ આપી દો!
'ડીએ' વધારો..
(સાત ટકા વધ્યું,
ગેસ મોંઘો થયો)

## ચિંતન

**ક્રોધો મૂલં અનર્થાનાં ક્રોધઃ સંસાર બંધનમ્ ।**
**ધર્મ ક્ષય કરઃ ક્રોધઃ તસ્માત્ ક્રોધં વિવર્જયેત્ ॥**

'આ સુભાષિત માં ક્રોધનો ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે :-

'બધાં અનિષ્ટોનું મૂળ ક્રોધ છે. ક્રોધથી જ સંસાર બંધનકર્તા બને છે. ક્રોધથી ધર્મનો નાશ થાય છે. તેથી જ કરીને ક્રોધનો ત્યાગ કરવો જોઇએ.'

મહાભારતના યુધ્ધથી લઇ નાનામાં નાના કુટુંબ-કલહ-કુસંપના કારણમાં માત્ર 'ક્રોધ' ની એકાદ નાની ક્ષણ જ હોય છે. જે માણસને પોતાના મગજ પર જરા જેટલો પણ કાબૂ ન હોય, તે વાત-વાતમાં ઉશ્કેરાઇ જાય છે અને વિના કારણ કોઇનો ક્રોધ કોઇ પર કાઢે છે. સંસારમાં જે કંઇ અણબનાવ-અથડામણ-સંઘર્ષ થાય છે તેના કારણમાં ક્ષણિક ક્રોધના આવેશમાં જીભનું ગમે-તેમ બોલાઇ જવું જ હોય છે.

એ મને આમ કેમ કહી જાય! અથવા 'મને આવું શા માટે કહ્યું?' નો અહમ ટકરાય જીભાજોડી થાય કોઇ ક્ષમા માગવા કે ક્ષમા આપવા તૈયાર ન થાય ત્યારે સંઘર્ષ થાય છે ક્રોધ કરનાર અને ક્રોધ સહન કરનાર બંનેને આ પરિસ્થિતિમાં સહન કરવાનું જ આવે છે. ક્રોધથી વિચારશક્તિ અને સ્વાર્થને કારણે તાટસ્થ્ય રહેતું નથી તેની અનીતિથી-અધર્મનું આચરણ થઇ જાય છે.

## સુવિચાર

- ક્રોધ તો કોઇ પણ કરી શકે છે પરંતુ, લાયક વ્યક્તિ પર યોગ્ય, માત્રામાં, યોગ્ય સમયે, નિશ્ચિત ઉદ્દેશ્ય માટે, યોગ્ય પ્રકારે, ક્રોધ કરવો સરળ નથી - અરસ્તુ
- જે પોતાનામાં ઉત્પન્ન ક્રોધને, પોતાની બુધ્ધિ દ્વારા સંયમિત કરી શકે છે તે મહા-પુરૂષ ધન્ય છે - વાલ્મિકી
- ક્રોધ અજ્ઞાનમાંથી જન્મી અહંકારથી પોષણ મેળવે છે - વેદ વ્યાસ
- જયારે મગજ પર ક્રોધ કાબૂ જમાવે છે ત્યારે વિચારશક્તિ શૂન્ય થઇ જાય છે - એમ હેન્રી
- ક્રોધિત થવાની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે સાથે સાથે એના પરિણામનો પણ વિચાર કરજો - કોન્ફ્યુશિયસ
- બીજાના દોષ, ખામી, ભૂલનો બદલો પોતાની જાત પર લેવો એટલે 'ક્રોધ' કરવો - પોપ
- જે પોતાના ક્રોધ પર નિયંત્રણ કરી શકે તે જ પોતાનું જીવન સુખી કરી શકે - સોક્રેટીસ

## બોધકથા

આજે આપણા સેનાપતિ અને સંસદ સામસામા આવી ગયાં છે. સંસદો સેનાપતિ વિશે ગમે તેમ બોલે, સેનાપતિ નેતાઓ માટે બોલે આમાં વિશ્વાસ-ભરોસો તો કયાંથી રહે? સેના પર સંસદનો વિશ્વાસ અને સૈન્યનું સન્માન એ જ રાષ્ટ્રની તાકાત છે.

ફ્રાંસના મહત્ત્વાકાંક્ષી સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટના કાર્યાલયમાં હથિયાર ખરીદીની એક ઘણા સમયથી દબાયેલી પેન્ડીંગ હતી. સેનાપતિથી આ સહન થતું નો'તું તેથી મનમાં શંકા-કુશંકા કરી અકળાયેલા હતા. એવામાં નેપાલિયને એમને અન્ય કોઇ કામગીરી માટે 'રૂબરૂ' ચર્ચા માટે બોલવ્યા..

સેનાપતિ આવ્યા, સ્વાભાવિક રીતે જ અકળાયેલા અને ઢીલા ઢફ જેવો ઉતરેલા ચહેરે એ પહેલાં નેપોલિયનના પી.એ. જે બહારની કેબિનમાં બેઠાં હતા, તેને મળ્યાં. ચર્ચાનું કારણ જાણવા પ્રયત્ન કર્યો પણ પી.એ. એ કહ્યું મને કોઇ અંદાજ નથી.

પંદર-વીસ મિનિટ પછી પેલી શસ્ત્ર ખરીદીની ફાઇલ સાથે સેનાપતિ નેપોલિયનની ચેમ્બરમાંથી બહાર નીકળ્યા. ત્યારે એમના ચહેરા પર ગુલાબી છવાઇ હતી. છાતી ફૂલી ગઇ હોય તેમ અને ઊંચાઇ પણ બે-ત્રણ ઇંચ વધી ગઇ હોય એમ લાગ્યું. ચહેરા પર આનંદ અને ઉત્સાહની રેખા હતી. પી.એ. એ પૂછ્યું, શું કહ્યું?

સેનાપતિ કહે, એમના એક વાક્યથી હું ભાવવિભોર થઇ ગયો છું. જનરલ, આઇ ટ્રસ્ટ યુ એન્ડ ફ્રાંસ ટ્રસ્ટસ યુ (જનરલ, મને અને રાષ્ટ્રને તમારા પર ભરોસો છે.)

# બાળપણ બચાવવા પરીક્ષાનો હાઉ હટાવીએ

## તંત્રી સ્થાનેથી...

અમદાવાદના ખોખરા વિસ્તારમાં ૧૨ વર્ષની દીકરી ચાંદનીએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધું. આ અહેવાલનો સંદર્ભ પરીક્ષાનો હાઉ હોવાનો કહેવાય છે. છેલ્લા બે મહિનામાં સમગ્ર ગુજરાતમાં ચાંદની સહિત બે ડઝનથી વધારે તરૂણ-તરૂણીઓએ આત્મહત્યાનો આશરો લીધો. પેપર ખરાબ જવાથી, મા-બાપ વઢવાથી, નાપાસ થવાની બીકથી, ધાર્યા ટકા નહિ આવવાના ભયથી, આ અને આવા અનેક કારણોથી કિશોર અવસ્થામાં કરાતી આત્મહત્યા ખૂબ જ ચિંતાજનક છે. શિક્ષણમાં સ્પર્ધાત્મક માહોલ ખૂબ જ વિચિત્ર વળાંક ઉપર ઉભો છે. એક - એક માર્કની સ્પર્ધા તનાવ પેદા કરે છે. અને આ તનાવ વાયા મા-બાપ બાળકો ઉપર છવાય છે. જાણીતા ચિંતક ગુણવંત શાહના શબ્દોમાં કહીએ તો - ત્રાસવાદ પણ કેટલો પ્રેમાળ હોઈ શકે તે જોવાની ઈચ્છા થાય તો પોતાના બાળકને પ્રથમ નંબર લાવવા માટે સતત પજવતા માતા-પિતાને જોઈ લેવા. આ ચિંતનમાં સત્ય છે. મોટે ભોગે મા-બાપ પણ બાળકને તનાવગ્રસ્ત રાખવા માટે જવાબદાર છે. ઘરેથી ભાગી જવું કે આપઘાત કરે ત્યાં સુધીનું બાળક પર દબાણ ઉભું કરવું એ બીજા અર્થમાં ત્રાસવાદ જ છે. કેરિયરનું વળગણ હવે પ્રત્યેક પરિવારમાં ઉભું થયું છે. કેરિયર માટેની દોડ ન તો મા-બાપને કે ન તો બાળકને સુખચેન આપે છે. આ દોડ અઘરી છે. પણ સૌને ગમે છે એટલે દોડે છે. જરૂરી છે એટલે દોડે છે. લક્ષ સુધી પહોંચવું છે એટલે દોડે છે.

મા-બાપ બહુ સરળતાથી સ્વીકારે છે અને કહે છે કે અમને પણ નથી ગમતું બાળકને વઢવાનું કે ટકોરવાનું. પરંતુ સમગ્ર શિક્ષણ વ્યવસ્થા સ્પર્ધાત્મક બનતી જાય છે. એટલે સચેત બનવું પડે છે. આખા વર્ષનું ભણતર ત્રણ કલાકમાં પ્રદર્શિત કરવાનું હોય છે. એમાંય પરીક્ષકો જુદા જુદા પ્રયોગો કરે છે. તરૂણ અવસ્થામાં બાળકો પર પરીક્ષાનો હાઉ શિક્ષણબોર્ડ દ્વારા, શાળાઓ દ્વારા અને સમાજ દ્વારા જે રીતે ઊભો કરાય છે, તેનાથી બાળકની મૂંઝવણ વધતી જાય છે. રવિન્દ્રનાથ ટાગોર કહેતા કે "પાણીથી ભરેલો ઘડો જયાં સુધી પાણીમાં ડૂબેલો હોય ત્યાં સુધી ભારે નથી લાગતો, પરંતુ એ પાણીથી બહાર નીકળે ત્યારે વજનદાર બની જાય છે." બાળકના મગજમાં ઠાંસી ઠાંસીને માહિતી ભરવામાં આવે છે અને ત્રણ કલાકમાં એ માહિતી બહાર કાઢવાની હોય છે. આ શિક્ષણ જ નથી. ગોળ ગળ્યો છે, એ ગોખવું નથી પડતું એ અનુભવાય છે. માહિતી જયાં સુધી અનુભૂતિનો ભાગ નહિ બને ત્યાં સુધી બોજારૂપ જ રહેશે. શિક્ષણની સમગ્ર વ્યાખ્યા બદલવી પડશે. બાળકોનું બાળપણ નંદવાઈ જાય તે પહેલાં પરીક્ષાના આ હાઉમાંથી સમાજને બહાર લાવવો જરૂરી બન્યો છે.

# જે કામમાં રસ હોય, ઉત્સાહ હોય તેમાં જ સફળતા મળે, પરાણે કે લાદેલા કાર્યમાં જોતરાવાથી કદી ભલીવાર ન સધાય

## લાગણીનો મેળો

- રસિક આર. વાળંદ 'નિર્ઝર'

પરાગ જો અંતરમાં હશે તો, પાંગરીને કદી પુષ્પ ખીલશે,
મનોરથો સ્વપ્ન મહીં હશે તો, સિધ્ધિ રૂપે કાર્ય વિષે જન્મશે.

- ઉમાશંકર જોશી

પ્રત્યેક મા-બાપ પોતાના સંતાનો અંગે સ્વપ્નો સેવે છે. અપેક્ષા-ઈચ્છાઓ રાખતાં હોય છે. મા-બાપને પોતનું સંતાન ડૉકટર, એન્જિનિયર, પ્રોફેસર, શિક્ષક બને એવા મનોરથ હોય છે. સામાન્યપણે દરેકને પોતાનાં સંતાનોનાં ભવિષ્ય અને કારકિર્દી અંગેની તહેર-તહેરની આકાંક્ષાઓ મુજબ તેમને શિક્ષક કે તાલીમની ફરજ પડાતી હોય છે. બહુ ઓછા મા-બાપ એવા હોય છે, જે પોતાના દીકરા-દીકરીની ઈચ્છાઓ જાણી-અભિગમ સમજી તેમના સ્વપ્નો સાર્થક થાય એ માટે તક પૂરી પાડતા હોય છે. જયારે મોટે ભાગે મા-બાપ જ પોતાનું સ્વપ્ન સંતાનો પર લાદવા મથે છે. પોતાની ઈચ્છા મુજબ સંતાનની જિંદગી બનાવવા કમર કસી તળે ઉપર થતા જોવા મળે છે. શહેરી શિક્ષિત સમાજ કરતાં ગ્રામીણ સમાજનો મોટા ભાગને વડિલ વર્ગ સંતાનોની લાયકાત, યોગ્યતા, અભિરૂચિ કે પસંદગીનો વિચાર જ કરતા નથી. પોતાને જે ગમે છે, જેમાં આર્થિક ઉપાર્જન વધુ હોય, સરળતાથી અને ઓછા અભ્યાસે પ્રાપ્ત હોય એવો વ્યવસાય મળે તે તરફ પોતાના સંતાનને 'વળગાડી' દેવામાં સફળતા સમજે છે. પરંતુ મા-બાપની આકાંક્ષા કે અપેક્ષા મુજબ સંતાનને વ્યવસાય કે ધંધો ગળે વળગાડ્યા પછી તેમાં જો સંતાન નિષ્ફળ નીવડે તો નસીબને દોષ દઈ માથું કૂટતા ફરે છે. અને વધુમાં તું અક્કલનો ઓથમીર છે. 'તારા માટે અમે રાત-દિવસ એક કર્યા પ...ણ... બધી જ મહેનત પાણીમાં ગઈ.' આવા નિસાસા નાખતા ફરે છે!!

કયારેક યુવાવર્ગ અભ્યાસની બાબતમાં ગાડરિયા પ્રવાહમાં તણાતો જોવા મળે છે. મિત્ર વર્તુળ જે પ્રવાહમાં ઢસડાય તેમાં જ તણાવાની મનોવૃત્તિ ધરાવે છે. પરિણામે ધાર્યું પરિણામ મળતાં આખરે અંધકારગ્રસ્ત ભાવિમાં અથડાઈ - કૂટાઈ જિંદગી પૂરી કરવી કરવી પડે છે!!

દોસ્તો, કૉલેજ પૂરી કરી ચૂક્યા હોય, ડિગ્રી પણ મેળવી લીધી હોય કે આગળ અભ્યાસ કરવાના હોય ત્યારે ઉતાવળો નિર્ણય લેશો નહી. કદીયે ગાડરિયા પ્રવાહમાં ખેંચાશો નહીં. પડોશી છોકરા-છોકરી કે પોતાના મિત્રો જે લાઈન પસંદ કરે તે જ પસંદ કરવા અધીરા ન બનશો. અનુકરણ કરી આગળ વધવું એ તો આત્મવિશ્વાસનો અભાવ ગણાય. સિંહની જેમ સ્વતંત્ર રાહ શોધી પોતાના રસ, રૂચિ વલણ મુજબ આગળ વધવામાં જ મર્દાનગી રહેલી છે. જિંદગીના નકશામાં આગવાપણાના રંગો પૂરી જૂઓ... સાચો નિખાર આવશે. અન્યના ઓથારે આગળ વધવું એ તો નરી પંગુતા ગણાય. મારી જિંદગી પર મારો જ અધિકાર હોઈ શકે. મા-બાપ કે સ્વજનો તો હિતેચ્છુ છે પરંતુ મારે જ મારો માર્ગ નક્કી કરવાનો છે. માર્ગ નક્કી કરવા માટે માર્ગદર્શન ગમે તેનું મેળવો પરંતુ સમજી-વિચારીને ''મારે શું કરવું?'' તેનો બોજ બીજા પર ભૂલેચૂકે ન છોડશો!! બીજાના ભરોસે આગળ વધવામાં ''બાવાના બેય બગડશે.'' મા-બાપ કે વડિલોએ તો પોતાના સંતાનને માત્ર શિક્ષણ સંસ્કાર તેમજ જરૂરી તાલીમ આપવાની છે. તેમના માટેની અનુકૂળતા સર્જવાની છે, એમાં વાવેતર કરવાની સ્વતંત્રતા તો પોતાની જ હોવી જોઈએ. આગવી રીતે ખીલવામાં જ સાર્થકતા છે. કદાચ જરૂર પડે ત્યાં સલાહ, સહકાર મેળવતા રહો. સાથે એ પણ યાદ રાખો. મા-બાપની બિનજરૂરી ટકટકને મનમાં ન લાવશો. તમે એવું વર્તન ન કરતાં જેથી મા-બાપ તમને ઉતારી પાડે કે નિરુત્સાહ કરે. તમારામાં વિનમ્રતા, પ્રામાણિકતા, સચ્ચાઈ જેવા ઉમદા ગુણો કેળવી મા-બાપનું મનહરી લો!!! વડિલોને માન આપી નમ્રતા કેળવતા રહો. વિનય અને વિવેકથી સૌને પોતીકા બનાવવાનું શીખો. જેથી આત્મીયતાનું સામ્રાજય સર્જી શકો!

દોસ્તો, જિંદગી સારી રીતે જીવવા માટે પૈસાની આવશ્યકતા તો છે જ, આજની સમાજવ્યવસ્થા અને જીવનશૈલી એવી છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર રહે છે. સુખી-શાંતિમય જીવન માટે પૈસાનું મહત્ત્વ નકારી શકાય એમ તો નથી જ. ''પૈસા'' પ્રાપ્ત કરવા ઉદ્યમ તો કરવો જ પડે, ધંધો-રોજગાર કે કોઈને કોઈ પ્રવૃત્તિઓ કરવી જ પડશે. પરંતુ આજે મોટે ભાગે 'પૈસા' ને નજરમાં રાખીને વ્યવસાય પસંદ કરવામાં આવે એ વાસ્તવિકતા છે; પરિણામે વ્યક્તિ-વ્યવસાયને કે વ્યવસાય-વ્યક્તિને સંતોષ અને યોગ્ય ફળ આપી શકતા નથી.

આત્મીય યુવજનો! તમે એવો વ્યવસાય-ધંધો પસંદ કરો જે ઉન્નત કરે, સુસંસ્કૃત બનાવે, ગૌરવ બક્ષે, સ્વાભિમાન પેદા કરે, તમારી શક્તિઓને સોળે કળાએ ખીલવે, તમને એક સારા-ઉમદા નાગરિકો બનાવી શકે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

# સ્વભાવે મળતાવડા અને સરળ, ખુશમિજાજી ઉપરાંત બુલંદ અને મીઠા અવાજના માલિક સ્વ. કિરીટ નકુમની ઉદ્‌ઘોષણાનું રહસ્ય એ હતું કે, કવિ કે લેખકની કૃતિનાં હાર્દને પોતાના દિલની ઊંડાઇથી યોગ્ય સંગીત સાથે પ્રસ્તુત કરતાં હતાં

## મોંઘેરાં મોતી

- નટવર આહલપરા

## અવાજના માલિક

દિવાનાવાર યૂં મેરી તલાસ મેં દર-બ-દર ભટકને વાલે!
તેરે હી સાયે મેં શામિલ હૂં મૈં તું અપની પરછાઇ તો દેખ!

૧૯૭૬ થી આકાશવાણી - રાજકોટ પરથી દર સોમવારે રાત્રે સાડા દસે મધુર, કર્મપ્રિય ફિલ્મ સંગીતનો સાપ્તાહિક કાર્યક્રમ 'મધુવન' રજૂ કરતા સૌના પ્રિય ઉદ્‌ઘોષક કિરીટ નકુમને હરગીઝ ભૂલી શકાય નહીં. કોઇ શ્રોતાએ તેનો અવાજ ન સાંભળ્યો હોય તેવું ન બને. સ્વભાવે મળતાવડા અને સરળ, ખુશમિજાજી ઉપરાંત બુલંદ અને મીઠા અવાજના માલિક સ્વ. કિરીટ નકુમની ઉદ્‌ઘોષણાનું રહસ્ય એ હતું કે, કવિ કે લેખકની કૃતિનાં હાર્દને પોતાના દિલની ઊંડાઇથી યોગ્ય સંગીત સાથે પ્રસ્તુત કરતાં હતાં.


'મધુવન' અને 'સમાચાર દર્પણ' ની તેમની પ્રસ્તુતિ અનોખી મૌલિક, લાજવાબ, વિશિષ્ટ અને નવીનતા સભર રહેતી. ૧૯૭૫ થી ૮૭ સુધી ખૂબ જ લોકપ્રિય કાર્યક્રમ યુવવાણીમાં કેટલાંય પ્રતિષ્ઠિત અને નવોદિત લેખકો, નાટ્યકારો, ચિત્રકારોને સ્થાન આપી ઉજાગર કર્યા હતા. રજૂઆત પણ દાદ માગે તેવી. કવિ ખુદ પોતાની વેદના કે ભાવ પ્રસ્તુત ન કરતો હોય? કિરીટ નકુમના પિતા રણજી ટ્રોફીના અચ્છા ખેલાડી હતાં.

મને એ પ્રસંગ બરાબર યાદ છે કે, એ સમયે એટલે કે ૧૯૮૦ માં ગોંડલ પાસે આવેલા દેરડી કુંભાજી ગામના યુવાનોએ 'મધુવન' કાર્યક્રમમાંથી પ્રેરણા મેળવીને 'મધુવન' મંડળની સ્થાપના કરી હતી. દર સોમવારે બધા મિત્રો કાર્યક્રમ સાંભળતાં અને કાર્યક્રમનું રેકોર્ડીંગ કરી તેનાં પર ચર્ચા કરતાં હતાં. મધુવન સાંસ્કૃતિક મંડળના મિત્રોએ ભેગાં મળી તા. ૩૦-૧૨-૧૯૮૦ ના રોજ આકાશવાણી કલાકારોનું સન્માન કર્યું હતું. જેમાં શ્રી હસમુખ રાવળ, શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અને શ્રી વસુબેન ભટ્ટ પણ હતા. ત્રણ-ચાર હજારનો ખર્ચ કરી સન્માન સમારંભ ખૂબ જ મોટા પાયે કર્યો હતો. મોટા શામળિયામાં લગભગ આખું ગામ ભેગું થયું હતું.

ગારિયાધારના મિત્રો પણ 'મધુવન' નાં એવાં જ પ્રેમી હતાં. 'સંગીત સુરાવલિ' શીર્ષક અંતર્ગત કાર્યક્રમો કરતાં અને કિરીટ નકુમ રૂબરૂ જઇ રેકોર્ડીંગ કરે. કવિ શ્રી જગદિશ ગોહેલ 'દોસ્ત' નો પ્રથમ કાવ્યસંગ્રહ 'લાગણીના લિસોટા' માટે પ્રસ્તાવના પણ લખી આપે.

સિહોરમાં ૧૯૮૨માં યુવવાણી કાર્યક્રમનું રેકોર્ડીંગ કરવાનું હતું. મને કિરીટભાઇએ પત્ર લખેલો : 'ભાગ લેનારા બધાં દસ વાગે હાજર થઇ જાય. હું અગિયાર વાગે આવી જઇશ. મારા વતી થોડું રીહર્સલ લઇ લેજે.' જો જો હો કોઇ વાર બંકડો છટકે નહિ? પછી તો રેકોર્ડીંગ થઇ કાર્યક્રમ પ્રસારિત થતો અને કિરીટ નકુમ આભાર માનતો પત્ર લખે : 'તમારા ચંદ્રકાન્તભાઇએ આ વખતે ખૂબ જ સરસ આગતા-સ્વાગતા કરી. આવી કડકડતી ઠંડીમાં એમણે ગરમાગરમ નાસ્તો, ચા-પાણી અને પાનનાં બીડા તો ખરાં જ કેમ?'

યુવવાણી વિભાગના અધિકારી શ્રી નલીનભાઇ વ્યાસને કિરીટભાઇ મોટાભાઇ જ માનતા હતા. અને તેઓ કયારેક-કયારેક ભાવનગર આવતાં. ભાવનગર ટેકરી ઉપર અને ફરતાં વૃક્ષોની વચ્ચે દક્ષિણામૂર્તિમાં કિરીટભાઇ કરેલાં રેકોર્ડીંગનું



સંભારણું કયારેક નહીં ભૂલાય? તેમનો અને શ્રી સવિતા પટ્ટણીનો અવાજ આજેય મારી પાસે કેસેટમાં અકબંધ છે, સાંભલી પણ લઉં છું.

શ્રી કરણસિંહ સોલંકી (ઇનચાર્જ સ્ટેશન ડાયરેક્ટર, રાજકોટ દૂરદર્શન) અને કિરીટભાઇ નકુમ સાથે જયારે ભાવનગરથી રાજકોટ રેકોર્ડીંગ માટે આવવાનું થતું ત્યારે ઓર મજા આવતી હતી. ચાર-પાંચ કલાક તો ક્ષણભારમાં જ પસાર થઇ જતાં હતાં.

આજે પણ મીડિયાના આક્રમણ વચ્ચે રેડિયોના કાર્યક્રમો, ઉદ્‌ઘોષકોના અવાજ મીઠાં લાગે છે અને કરોડો શ્રોતાઓ રેડિયોને ભૂલ્યા નથી. સલામ કિરીટ નકુમને... સલામ રેડિયોને...

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૪મી એપ્રિલ ગુલામોના મુક્તિદાતા અબ્રાહ્મ લિંકનની પુણ્યતિથિ

માનવીના સ્વતંત્ર બનવાના સનાતન અધિકારની પ્રતીતિ કરાવનારા અબ્રાહ્મ લિંકને ગુલામી નાબૂદ કરવાનું મહાસમર્થ કાર્ય કર્યું.

અમેરિકાના રાષ્ટ્રપિતા, માનવીના પ્રહરી ગુલામોના મુક્તિદાતા લિંકનની આજે પુણ્યતિથિ તા. ૧૪-૪-૧૮૬૫.

### દલિતોના મસીહા મહાસમર્થ ડો. ભીમરાવ આંબેડકરનો જન્મદિન

જેમના માર્ગદર્શન હેઠળ બંધારણ ઘડાયું, ૨૬મી જાન્યુઆરી. ૧૯૫૦થી અમલમાં આવ્યું તેવા મહાસમર્થ ડૉ. આંબેડકરનો આજે જન્મદિન.

"શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો" નો સિધ્ધાંત આપનાર વૈચારિક ક્રાંતિના બીજ વાવનારા ડૉ. આંબેડકરે જે કાર્ય કર્યું તેના સુફળ આજે આદિજાતિ - પછાતવર્ગો ભોગવી રહ્યાં છે. "ભારતરત્ન" ડૉ. આંબેડકરે ૬-૧૨-૧૯૫૬માં આપણી વચ્ચેથી વિદાય લીધી.

- ૧૯૬૩ મહાપંડિત ૩૬ ભાષાના જાણકાર રાહુલ સાંકૃતાયનનું દાર્જિલિંગમાં અવસાન.
- અરૂણાચલ ખાતે શ્રી રમણ મહર્ષિનું અવસાન તા. ૧૪-૪-૧૯૫૦.
- કિનોટો સ્કપ સિનેમાની સીધી રજૂઆત વૈજ્ઞાનિક એડિસને કરી.
- ૧૮૯૪ વિશ્વના પ્રેરણાદાણક આરનૉલ્ડ ટ્રોપલીની જન્મજયંતિ ૧૮૮૯.

# ગુજરાત માહિતી અધિકાર બાબતના નિયમો ૨૦૦૫ ની સમજૂતી

## વાત કાનૂન-કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ગુજરાત માહિતી અધિકાર નિયમ-૨૦૦૫ અન્વયે કોઈ પણ જાહેર સંસ્થા, સરકારી કચેરી, નિગમ, અર્ધ સરકારી કચેરી તેમજ પબ્લિક ટ્રસ્ટ, મંડળ હેઠળ નોંધાયેલ સંસ્થાની વિગતો, માહિતી મેળવવાનો દરેક વ્યક્તિને અબાધિત અધિકાર છે. જે ૨૦૦૫માં ગુજરાત સરકારે કાયદો પસાર કરી અમલમાં મુક્યો.

સરકારે નિયત કરેલ નમૂનામાં અરજી સાથે મેળવવાની માહિતીની વિગત સાથે, નિયમ ફી ભરેલી માગેલ માહિતી જે તે વિભાગ - કચેરીના અધિકારી દ્વારા અડતાલીસ કલાકની અંદર વધુમાં વધુ પાંચ દિવસમાં પુરી પાડવી જોઈએ.

અરજી દીઠ રૂા. ૨૦/- ની ફી કરાવવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ પાના દીઠ રૂા. ૨/- તેમજ માહિતી ચકાસણી માટે અર્ધા કલાક માટે કોઈ ફી નથી ત્યારબાદ પ્રત્યેક અર્ધા કલાક માટે રૂા.૨૦/- ફી ભરેલી ફાઈલ વિગત જોવા મળી શકે. કચેરી કલાકો દરમિયાન સવારે ૧૧ થી ૧.૦૦ કલાક સુધી અરજીની વિગતો જોઈ ચકાસી તપાસી શકાશે તેમજ તેમાંથી રેકર્ડ ફી ભરેલી મેળવી શકાય છે. જો અધિકારી વ્યાજબી કારણ વગર આવી આજ ફાઈલ કરે તો અરજદારે તકેદારી આયોગમાં અપીલ કરી શકે છે. તકેદારી આયોગ કસૂરવાર અધિકારી સામે તપાસ કરી જરૂરી દંડ ફરમાવવાના અધિકારો ધરાવે છે.

ગરીબીરેખા હેઠળની વ્યક્તિએ કોઈ પણ પ્રકારની ફી ચૂકવવાની રહેશે નહીં તે માટે અરજદારે રેશનકાર્ડની નકલ બીડવી જોઈએ.

કલમ-૨૪ મુજબ માહિલી જાહેર કરવામાંથી મુક્તિ અંગે ગૃહ વિભાગે જાહેર કરેલ ઑર્ગેનાઈઝેશનની યાદીમાં સમાવેલ વિગતો જાહેર અધિકાર માટે મળી શકતી નથી. આવી માહિતી ગુપ્ત રાખવાની દેશ માટે જરૂરી જણાતી હોય તો આ કાયદામાં સમાવેશ કરવામાં આવતો નથી.

માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ વ્યક્તિ અપીલ સત્તાધિકારીને અપીલ કરી દાદ માંગી શકે છે. તેમાં જે નિર્ણય સામે અપીલ કરી હોય તે નિર્ણય ક્રમાંક અને તારીખ સહિત એવા નિર્ણયની વિગતો નમૂના 'ક' માં કરેલ અરજીની વિગતો, માગવામાં આવેલ માહિતી, માહિતીનો સમયગાળો. ત્રીસ દિવસ પુરા થતા હોય તે તારીખની વિગત તેમજ, કેસની સંક્ષિપ્ત વિગત જણાવી અપીલ અધિકારીને અપીલ કરી શકાય છે. જે ગુજરાત માહિતી મેળવવાના નિયમો ૨૦૦૫ ના નિયમ-૬ ના પેટા નિયમ (૧) હેઠળ મેળવી ઠરાવેલા નમૂનમાં જ અરજી કરવી જોઈએ.

માહિતી મેળવવી એ દરેક વ્યક્તિનો બંધારણીય અબાધિત અધિકાર છે. પોતાને અન્યાય થતો હોય તો અધિકારી ખોટું કરતા, ભ્રષ્ટાચાર કરતા અટકે આમ આદમીને યોગ્ય ન્યાય મળે તે માટે આ કાયદો ગુજરાત સરકારે ૨૦૦૫માં નવાં ફેરફારની જોગવાઈ સાથે પસાર કરેલ છે. જેનો લાભ ઘણા સામાજિક કાર્યકરો દ્વારા, લોકપાલ લાવવા માટે, સામાજિક જાગૃતિ માટે, ભ્રષ્ટાચારના નિવારણ માટે, અમલદારશાહીનાં વિરોધમાં, સામાજિક ન્યાય માટે, ઉપયોગ કરવામાં આવે છે. લોકાયુક્ત કચેરી દ્વારા માહિતી ના આપી સરમુખત્યારશાહી વલણ અપનાવતા અધિકારીઓ જેમાં મામલતદાર શ્રી, પોલીસ અધિકારી, સચિવશ્રી કશ્રાની વ્યક્તિઓને કસૂરવાર ઠરેથી ફરજ મોકૂફી તથા મોટી રકમનો દંડ ફટકારતાં ચૂકાદા આપેલ છે. પરંતુ અંગત સ્વાર્થ માટે, વ્યક્તિગત દ્વેષભાવથી આ કાયદાનો દુરપયોગ પણ ઘણી વ્યક્તિઓ, સામાજિક સંસ્થાઓના કાર્યકરો દ્વારા કરવામાં આવી રહ્યો છે. જેનો દુરપયોગ બંધ કરવા યોગ્ય કાયદા પસાર કરવા જોઈએ.